સુરત મહાનગરપાલિકાની નગર નિયોજન સમિતિની તા.૧૮–૧–૨૦૨૪ ના રોજ મળેલ સભામાં નીચે મુજબનો ઠરાવ પસાર થયો હતોઃ–

:: :: :: ::

મ્યુ. કમિશનરશ્રીના તા.૧૦–૧–૨૦૨૪ ના પત્ર નં.સીમીસ/૮/૨૬ થી વિદિત થઈ, પુખ્ત ચર્ચા વિચારણા કર્યા બાદ, મુસદ્દારૂપ નગર રચના યોજના, સુરત નં.:૯૨(સીમાડા–કોસમાડા) માટે સરકારશ્રીના હુકમ ક્રમાંક UDUHD/1081/09/2023, તા.૦૬/૧૦/૨૦૨૩ થી નગર રચના યોજનાની પ્રસિધ્ધ કરવા માટેની કાર્યવાહી કરવા માટે સમયમર્યાદામાં તા.૨૯/૧૦/૨૦૨૩ થી વધુ ત્રણ માસનો વધારો એટલે કે તા.૨૮/૦૧/૨૦૨૪ સુધીમાં પ્રસિધ્ધ કરવાનું તથા મુસદ્દારૂપ નગર રચના યોજના, સુરત નં.:૯૨(સીમાડા–કોસમાડા) અન્વયે પબ્લીક મીટીંગ બાદ જે તે સોસાયટીઓના હિતસંબંધ ધરાવનારા ધ્વારા મળેલ વાંધા–સૂચનો તથા સદર સોસાયટીઓમાં મહંદઅંશે થયેલ બાંધકામો સંદર્ભે "ગુજરાત રેગ્યુલરાઈઝેશન ઓફ અનઓથોરાઈઝ ડેવલપમેન્ટ એકટ–૨૦૨૨" ની જોગવાઈઓ અંતર્ગત કરેલ અરજીઓની વિગતો ધ્યાને લઈ, નીચે મુદ્દા નં.૧ થી ૪ માં જણાવેલ સુધારા કરી તેને આનુસાંગિક ફેરફારો આમેજ કરી ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ–૧૯૭૬ ની કલમ–૪૨(૧) હેઠળ સદરહુ નગર રચના યોજનાનો મુસદ્દો પ્રસિધ્ધ કરવાની કાર્યવાહી કરવા મંજુરી આપવાનું તથા તેને આનુંસાંગિક તમામ જરૂરી કાર્યવાહી કરવા મ્યુ. કમિશનરશ્રીને અધિકૃત કરવાનું ઠરાવવામાં આવે છે.

(૧) આ સાથે સામેલ પાર્ટ પ્લાન – A માં દર્શાવ્યા મુજબ મોજેઃસીમાડાના બ્લોક નં.૯૮/બી/ પૈકીમાં સુચવેલ અનામત અંતિમખંડ નં.આર–૫ (ક્ષે. ૨૧૩૪ ચો.મી), તથા આર–૬ (ક્ષે. ૧૩૮ ચો.મી) રદ કરી સદર જગ્યા, સંલગ્ન મુળખંડ સામે ફાળવવામાં આવેલ અંતિમખંડમાં આમેજ કરી ફાળવવા તથા તેને આનુસાંગિક ફેરફાર કરવા.

(૨) આ સાથે સામેલ પાર્ટ પ્લાન – B માં દર્શાવ્યા મુજબ મોજેઃસીમાડાના બ્લોક નં.૧૦૮માં સુચવેલ અનામત અંતિમખંડ નં.આર–૨૬ (ક્ષે.૩૪૯ ચો.મી), આર–૨૭ (ક્ષે.૫૮૪ ચો.મી) તથા આર–૨૮ (ક્ષે. ૧૮૬૦ ચો.મી) રદ કરી સદર જગ્યા, સંલગ્ન મુળખંડ સામે ફાળવવામાં આવેલ અંતિમખંડમાં આમેજ કરી ફાળવવા તથા તેને આનુસાંગિક ફેરફાર કરવા.

૨...

(૩) આ સાથે સામેલ પાર્ટ પ્લાન – C માં દર્શાવ્યા મુજબ મોજે:સીમાડાના બ્લોક નં.૧૫૧ તથા ૧૫૫ પૈકીમાં સુચવેલ અનામત અંતિમખંડ નં. આર–૩૯ (ક્ષે. ૭૨૨ ચો.મી), આર–૪૦ (ક્ષે. ૯૪ ચો.મી), આર–૪૧ (ક્ષે.૧૧૮ ચો.મી) , આર–૪૨ (ક્ષે.૩૬૪ ચો.મી) રદ કરી સદર જગ્યા, સંલગ્ન મુળખંડ સામે ફાળવવામાં આવેલ અંતિમખંડમાં આમેજ કરી ફાળવવા તથા તેને આનુસાંગિક ફેરફાર કરવા.

(૪) આ સાથે સામેલ પાર્ટ પ્લાન – D માં દર્શાવ્યા મુજબ મોજે:સીમાડાના બ્લોક નં.૧૧૮/એ માં સુચવેલ અનામત અંતિમખંડ નં. આર–૪૯ (ક્ષે.૨૭૩ ચો.મી), આર–૫૦(ક્ષે.૩૨૧ ચો.મી), આર–૫૧(ક્ષે.૫૯૯ ચો.મી), આર–૫૨ (ક્ષે. ૧૪૯ ચો.મી), આર–૫૩ (ક્ષે.૨૮૬ ચો.મી), આર–૫૪(ક્ષે.૪૭૩ ચો.મી), આર–૫૫ (ક્ષે.૨૭૫ ચો.મી), આર–૫૬(ક્ષે.૨૬૦ ચો.મી), આર–૫૭(ક્ષે.૬૮૮ ચો.મી), આર–૫૮(ક્ષે.૩૦૮ ચો.મી), આર–૫૯(ક્ષે.૨૩૪ ચો.મી), આર–૬૦(ક્ષે.૨૫૮ ચો.મી), આર–૬૧(ક્ષે.૪૬૩ ચો.મી), આર–૬૨(ક્ષે.૭૫૦ ચો.મી), આર–૬૩(ક્ષે.૬૩૮ ચો.મી), આર–૬૪(ક્ષે.૩૩૦ ચો.મી), આર–૬૫(ક્ષે.૩૨૩ ચો.મી), આર–૬૬(ક્ષે.૨૪૫ ચો.મી) તથા સદર અનામત અંતિમખંડો માટે સુચવેલ ૬.૦ મી. અને ૭.૫૦ મી. રોડ રદ કરી સદર જગ્યા, સંલગ્ન મુળખંડ સામે ફાળવવામાં આવેલ અંતિમખંડમાં આમેજ કરી ફાળવવા તથા તેને આનુસાંગિક ફેરફાર કરવા.

ઠરાવ નં.૧૩/૨૦૨૪ સર્વાનુમતે મંજુર.

---

સ.ર.મ્યુ.કમિશનરશ્રી પ્રતિ,

શી. ર. પટેલ
ઈ.ચા.મ્યુ.સેક્રેટરી,
સુરત મહાનગરપાલિકા
તા.૧૯–૧–૨૦૨૪.

*CSP*